# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-12-2024 Morning : 7.45 to 7.55
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

***************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં અગ્ર સચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદને સંબોધશે.
- સરકારે એક રાષ્ટ્ર, એક ચૂંટણી સાથે સંબંધિત બે વિધેયક લોકસભામાં રજૂ કરવા માટે સૂચિબદ્ધ કર્યા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે બંધારણ દેશની એકતાનો મુખ્ય આધારસ્તંભ છે.
- સૈન્ય વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જાપાનમાં બીજી આર્મી પરિષદમાં બહુરાષ્ટ્રીય સંરક્ષણ સહયોગ વધારવાના મહત્વ પર ભાર મૂક્યો.
- લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા આજે ક્ષય રોગ જાગૃતિ માટે યોજાયેલ મૈત્રી ક્રિકેટ મેચના મુખ્ય અતિથિ હશે.
- મસ્કતમાં આજે મહિલા જુનિયર એશિયા કપની ફાઇનલમાં ભારત અને ચીન સામ સામે ટકરાશે...

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM---CHIEF-SECRETARIES.RTF

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં અગ્ર સચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરશે. શ્રી મોદીએ ગઈકાલે આ પરિષદમાં અધ્યક્ષતા કરી હતી. આ ત્રણ દિવસીય પરિષદનો શુક્રવારથી પ્રારંભ થયો હતો. તેનો ઉદ્દેશ રાજ્યો સાથે મળીને એક સામાન્ય વિકાસ કાર્યસૂચિનું મૂલ્યાંકન અને અમલ કરવાનો છે. પરિષદનો  ઉદ્દેશ્ય કેન્દ્ર અને રાજ્ય સરકારોની ભાગીદારીને મજબૂત કરવાનો અને સહકારી સંઘવાદ, ઝડપી આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં વધુ સારું સંકલન સુનિશ્ચિત કરવાનો છે. તેમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અગ્ર  સચિવો, વરિષ્ઠ અધિકારીઓઅને નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે.

મુખ્ય સચિવોની પરિષદ એ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સારું સંકલન સ્થાપિત કરવાના પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના વિઝનની એક મોટી પહેલ છે. પરિષદની મુખ્ય થીમ પ્રમોટિંગ એન્ટરપ્રેન્યોરશિપ, એમ્પ્લોયમેન્ટ એન્ડ સ્કિલિંગ- છે. જેમાં છ મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય  છે - ઉત્પાદન, સેવાઓ, ગ્રામીણ, બિન-ખેતી, શહેરી, નવીનીકરણીય ઉર્જા અને પરિપત્ર અર્થતંત્ર છે.

# LOK-SABHA---ONE-ELECTION.RTF

સરકારે એક રાષ્ટ્ર, એક ચૂંટણી સાથે સંબંધિત બે વિધેયક લોકસભામાં રજૂ કરવા માટે સૂચિબદ્ધ કર્યા છે. કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ બંધારણ (129મો સુધારો) વિધેયક અને કેન્દ્ર શાસિત કાયદા (સુધારા) વિધેયક રજૂ કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે ગુરુવારે લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજવાના વિષય ને અમલમાં મૂકવા માટે બંધારણીય સુધારા બિલને મંજૂરી આપી હતી. સૂચિત બંધારણ સુધારો વિધેયક લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજવાની જોગવાઈ સાથે સંબંધિત હશે.

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નેતૃત્વમાં વન નેશન, વન ઈલેક્શન પરની ઉચ્ચ સ્તરીય સમિતિએ દેશમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજવાની ભલામણ કરી હતી.

# REV.-LS-PM-CONSTITUTION.RTF

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે બંધારણ દેશની એકતાનો મુખ્ય આધારસ્તંભ છે. બંધારણના 75 વર્ષ પૂર્ણ થવા પર લોકસભામાં ચર્ચાનો જવાબ આપતા તેમણે કહ્યું કે ભારતીય લોકશાહી વિશ્વ માટે પ્રેરણારૂપ છે. લોકસભામાં ભારતના બંધારણના 75 વર્ષની ભવ્ય યાત્રા પર ચર્ચા 15 કલાકથી વધુ ચાલી હતી. ગઈકાલે બે દિવસની લાંબી ચર્ચાની શરૂઆત કરતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે ભારતીય બંધારણે સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવનના તમામ પાસાઓને કેન્દ્રમાં રાખીને રાષ્ટ્રનિર્માણનો માર્ગ મોકળો કર્યો છે.

ચર્ચા દરમિયાન, ભાજપ, કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી, એસપી, શિવસેના, જેડીયુ અને એનસીપી સહિત ઘણા રાજકીય પક્ષોના સભ્યોએ બંધારણની વિવિધ જોગવાઈઓ પર પ્રકાશ પાડ્યો. સોમવારથી રાજ્યસભામાં બંધારણના 75 વર્ષની સફર પર ચર્ચા શરૂ થશે. ગૃહમાં યોજાયેલી આ ચર્ચાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જવાબ આપ્યો.

# AMIT-SHAH---ONOE.RTF

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે એવા આરોપોને ફગાવી દીધા છે કે વન નેશન, વન ઇલેક્શન વિધેયક સંઘવાદના સિદ્ધાંતોને નબળા પાડે છે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું કે, લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે થવી એ નવી વાત નથી. શ્રી શાહે કહ્યું કે, આ દેશમાં ત્રણ ચૂંટણીઓ વન નેશન વન ઈલેક્શન પદ્ધતિ હેઠળ યોજાઈ હતી. તેમણે કહ્યું કે, 1952માં તમામ ચૂંટણીઓ એક સાથે થઈ હતી.

(Byte =amit shah )

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in**/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................

\- રીપીટ

# 2ND-LAND-FORCES-SUMMIT.RTF

સૈન્યના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જાપાનમાં આયોજિત બીજી આર્મી પરિષદમાં વર્ચ્યુઅલ સંબોધનમાં બહુરાષ્ટ્રીય સંરક્ષણ સહયોગ વધારવાના મહત્વ પર ભાર મૂક્યો. હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતની સુરક્ષા અને વ્યૂહાત્મક પરિપ્રેક્ષ્ય પર પ્રકાશ પાડ્યો હતો.. આ પરિષદમાં જાપાન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને કોરિયા રિપબ્લિક સહિત અનેક દેશોના સેના પ્રમુખો અને વરિષ્ઠ જનરલોએ ભાગ લીધો હતો.

શ્રી દ્વિવેદીએ  પ્રાદેશિક સ્થિરતા અને મુક્ત, ખુલ્લા અને સમાવેશી પ્રશાંત ક્ષેત્ર માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કર્યો હતો.  આ પરિષદ સંરક્ષણ સંબંધોને મજબૂત કરવા અને શાંતિપૂર્ણ, સ્થિર અને સુરક્ષિત પ્રશાંત ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે પ્રાદેશિક અને વૈશ્વિક શક્તિઓ વચ્ચે વધતી પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

# OM-BIRLA---AWARENESS-CRICKET-MATCH

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા આજે ક્ષય રોગ જાગૃતિ માટે યોજાયેલ મૈત્રી ક્રિકેટ મેચના મુખ્ય અતિથિ હશે. તેમાં તમામ રાજકીય પક્ષોના પસંદગીના સાંસદો ભાગ લેશે. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને હમીરપુરના લોકસભા સાંસદ અનુરાગ સિંહ ઠાકુરના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળે શ્રીબિરલાને આ મૈત્રીપૂર્ણ મેચમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે.

આ 20 ઓવરની મેચ આજે સવારે 9 વાગ્યાથી દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં રમાશે. તે દૂરદર્શનની સ્પોર્ટ્સ ચેનલ અને સંસદ ટીવી દ્વારા પ્રસારિત કરવામાં આવશે. લોકસભા અધ્યક્ષ ઈલેવન ટીમના કેપ્ટન અનુરાગ સિંહ ઠાકુર અને રાજ્યસભા અધ્યક્ષ ઈલેવન ટીમના કેપ્ટન કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ હશે.

# HOCKEY-ASIA-CUP-FINAL.RTF

મસ્કતમાં આજે મહિલા જુનિયર એશિયા કપની ફાઇનલમાં ભારત અને ચીન સામ સામે ટકરાશે. ભૂતપૂર્વ વિજેતા ભારત પોતાનું ટાઇટલ જાળવી રાખવા માટે મજબૂત સ્થિતિમાં છે. આ પહેલા ચીને પૂલ મેચમાં ભારતને 2-1થી હરાવ્યું હતું. પૂલ Aમાં ચીન નવ પોઈન્ટ સાથે ટોચ પર હતું અને ભારત બીજા સ્થાને હતું.

ગઈકાલે ભારતે જાપાનને 3-1થી હરાવી ફાઇનલમાં પોતાનું સ્થાન નક્કી કર્યું હતું. દીપિકાને તેના શાનદાર પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. અન્ય સેમિફાઇનલમાં, ચીને દક્ષિણ કોરિયાને 4-1થી હરાવી ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

# AHMEDABAD AIRPORT AWARD

ગુજરાતના અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતર-રાષ્ટ્રીય હવાઈમથક **SVPI**ને તેની ઊર્જા કાર્યક્ષમતામાં નવીન અભિગમ માટે ભારત સરકાર દ્વારા પુરસ્કાર એનાયત કરાયો છે. નેશનલ એનર્જી કન્ઝર્વેશન ખાતે સંરક્ષણ પુરસ્કાર 2024 **NECA**માં સર્ટિફિકેટ ઑફ મેરિટ જીતીને આ હવાઈમથકે આગવી ઓળખ બનાવી છે. તેમજ આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવનારું તે દેશનું એકમાત્ર હવાઈમથક પણ બન્યું છે.

સત્તાવાર યાદી મુજબ, આ હવાઈમથકે ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતી અદ્યતન પ્રણાલિઓ સ્થાપિત કરી ઓછા કાર્યક્ષમ ચિલર અને કૂલિંગ ટાવર્સને બદલ્યા છે. તેના પરિણામે ઊર્જા ઉપયોગમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઉપરાંત રિયલ-ટાઈમ ઊર્જા ઉપયોગનું નિરીક્ષણ કરવા સ્માર્ટ એરપોર્ટ પ્રોજેક્ટ અંતર્ગત અદ્યતન તકનીકો અપનાવી છે.

ઉલ્લેખનીય છે કે, ઊર્જા કાર્યક્ષમતામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતી સંસ્થાઓનું સન્માન કરવા **NECA** પુરસ્કાર ભારત સરકારના પાવર મંત્રાલયની ઊર્જા કાર્યક્ષમતા કચેરી દ્વારા એનાયત કરાય છે.

# CRICKET---IND-VS-AUS.RTF

બોર્ડર ગાવસ્કર ક્રિકેટ ટ્રોફીની ત્રીજી ટેસ્ટ મેચના બીજા દિવસે યજમાન ઓસ્ટ્રેલિયાએ છેલ્લા સમાચાર મળયા  ત્યાં સુધી ૩ વિકેટ ગુમાવીને ૧૪ ૨ન બનાવ્યા છે.

આ પહેલા ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઓસ્ટ્રેલિયાએ કોઈપણ નુકશાન વિના 28 ૨ન બનાવ્યા હતા. પાંચ મેચની શ્રેણી હાલમાં એક-એકથી બરાબર છે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા

1) લોકસભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને મોટા ભાગના સમાચારપત્રોએ મુખ્યશીર્ષક બનાવ્યું છે. ગુજરાત સમાચાર લખે છે, કૉંગ્રેસના માથે લાગેલું ઈમરજન્સીનું પાપ ધોવાશે નહીંઃ મોદી. "કૉંગ્રેસના માથે કટોકટીનું કલંક ક્યારેય ધોવાશે નહીંઃ મોદી"- આ સંદેશનું મુખ્યશીર્ષક છે. દિવ્યભાસ્કરે "ઇમરજન્સીનું પાપ કૉંગ્રેસના માથા પરથી ક્યારેય નહીં ભૂંસાયઃ મોદી"ને મુખ્યમથાળું બનાવ્યું છે. નવગુજરાત સમય લખે છે, કૉંગ્રેસ બંધારણ સુધારણાનું લોહી ચાખી ગઈ છેઃ મોદી. ફૂલછાબે "કૉંગ્રેસ સંવિધાનની શિકારીઃ મોદી"ને મુખ્યમથાળામાં સ્થાન આપ્યું છે. સંવિધાન પર ચર્ચાઃ પ્રધાનમંત્રી મોદીને કિયા વિપક્ષ પર પલટવાર, બોલે… 'દેશ કો નુકસાન પહુંચાને વાલે ઈકો સિસ્ટમ કો ઉસી ભાષા મેં દેંગે જવાબ' આ રાજસ્થાન પત્રિકાનું મુખ્યશીર્ષક છે.

2) સંદેશ સ્થાનિક પાના પર લખે છે, ગેરકાયદેસર બાંધકામોના ડિમોલિશનમાં એસ્ટેટ વિભાગની વહાલા-દવલાની નીતિ.

3) હવે તાલુકા ફેમિલી કૉર્ટોમાં પણ હાઈબ્રિડ સુનાવણી, ગમે ત્યાંથી કેસ ફાઈલ થઈ શકશે- ગુજરાત સમાચારે સ્થાનિક પાના પર આ શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.

4) નવગુજરાત સમયે "જાહેર આરોગ્ય માટે જોખમી બટર-પનીર અને જામનું શહેરમાં બેરોકટોક વેચાણ"ના શીર્ષક સાથે અહેવાલ પ્રસિદ્ધ કર્યો છે.

5) દિવ્ય ભાસ્કરનું એક શીર્ષક છે, ભૌગોલિક સ્થિતિ મુજબ કર્ણાવતી પૂર્વ અને કર્ણાવતી પશ્ચિમ એમ 2 ભાગમાં શહેર એકમને વિભાજિત કરાશે. હવે ભાજપ અમદાવાદને વહેંચશે, 2 પ્રમુખ રહેશે.